# પ્રવૃત્તિ પત્રક 2-4

## મારિયા અને ફર્નાન્ડોની વાર્તા

મારિયા અને તેણીના પતિ ફર્નાન્ડો રાત્રે મોટી ઑફિસની ઈમારત સાફ કરવા માટે સાથે કામ કરતાં હતા. તેમને એવી વ્યક્તિ દ્વારા કામ પર રાખવામાં આવ્યા હતાં જેઓ મોટી સફાઈની કંપની ચલાવતાં હતાં. તેમને દરેકને મહિનામાં બે વખત પે–ચેક મળ્યો.

ફેબ્રુઆરીમાં તેમની અગાઉના વર્ષની આવક માટે આવક વેરો ગણવાનો સમય હતો. તેમણે સફાઈ કંપનીમાંના માણસને તેમની T4 સ્લિપ્સ આપવા કહ્યું. તેણે સરકારને આવકવેરામાં કેટલાં નાણાં મોકલ્યા તે તેમના આવકવેરા રિટર્નમાં તેમણે બતાવવાની જરૂર પડી હતી.

તે માણસે કહ્યું કે, "આપ કર્મચારીઓ નથી. આપ ઠેકેદારો છો."

તે માણસે તેમના માટે સરકારને કોઈ આવકવેરાના નાણાં મોકલ્યા ન હતાં. તેમણે કહ્યું હતું, "આપ આપનો પોતાનો વ્યવસાય ધરાવો છો."

મારિયા અને ફર્નાન્ડોએ આવકનું સર્જન કર્યું હતું પરંતુ તેઓએ કોઈપણ આવક વેરો ચૂકવ્યો ન હતો. તેઓ માનતા ન હતાં કે તેઓ તેમનો પોતાનો વ્યવસાય ચલાવી રહ્યા હતાં, તેથી તેઓએ વેરો ચૂકવવા માટે કોઈપણ નાણાં બાજુ પર રાખ્યા ન હતાં.

વધુમાં તેઓએ તેમના ખર્ચાઓ માટે કોઈપણ રસીદો રાખી ન હતી. રસીદો વિના, તેઓ વ્યાપારની કપાતોનો દાવો કરી શકે તેમ ન હતાં.

સરકારને આપવા માટેનો આવક વેરો અને CPP ચૂકવવા માટે તેઓએ તેમની બચતનો ઉપયોગ કરવો જરૂરી હતો.

શું આપ માનો છો કે મારિયા અને ફર્નાન્ડો કર્મચારીઓ છે અથવા સ્વરોજગારી ધરાવતા ઠેકેદારો છે?

જો તેઓ નોકરી રાખનારના કર્મચારીઓ હોત તો તેઓ તેમની પાસેથી શું મેળવી રહ્યા હોવા જોઈતા હોત?

જો તેઓ કૉન્ટ્રાક્ટ ક્લીનર્સ તરીકે કામ કરવાનું ચાલુ રાખે તો આગામી વર્ષે કર વેરાના સમય માટે વધુ સારી રીતે તૈયાર રહેવા માટે તેમણે શું કરવું જોઈએ?

જો મારિયા અને ફર્નાન્ડોને કોઈ પ્રશ્નો હોય તો તેમણે કોને વાત કરવી જોઈએ?